# શહેરમાં ૮૫ વૃક્ષો ધરાશાયી

## ૧૭ રસ્તાઓ બ્લોક થતા તંત્રએ ૨૧ ટીમો કામે લગાવી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં ગઈકાલે સાંજે વાવાઝોડા સાથે આવેલા તોફાની વરસાદના લીધે નજર નાંખો ત્યાં વૃક્ષો ધરાશાયી થયેલા જોવા મળ્યા હતા. શહેરમાં ૮૫ વૃક્ષોનો ખાતમો થઈ ગયો હતો. જ્યારે સૂસવાટા મારતા પવન સાથે વરસેલા વરસાદમાં વૃક્ષો ધરાશાયી થતા વિવિધ ૧૭ જેટલા રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. ગાંધીનગર ઉપરાંત દહેગામ અને માણસા સહીતના શહેરી વિસ્તારમાં ૧૨૧ જેટલા વૃક્ષો જમીનદોસ્ત થયા હોવાનુ સૂત્રોએ જણાવ્યું છે.

રવિવારની સાંજે આંધી સાથે આવેલા વરસાદી ઝાપટાએ જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધુ હતુ. ચૂંટણીવેળાએ લગાવાયેલા પ્રચાર પોસ્ટરો તેમજ મતદાન જાગૃતિ અભિયાનના હોર્ડીંગ્સ ઉપરાંત ચૂંટણી કાર્યાલયના મંડપો પણ વરસાદી વાયરાની લપેટમાં આવી ગયા હતા. શહેરના સેક્ટરોમાં અસંખ્ય વૃક્ષોની ડાળીઓ તુટી પડી હતી. તો ઘણા-ખરા ઠેકાણે વૃક્ષો જડમૂળમાંથી જમીનદોસ્ત થતા રસ્તા બ્લોક થઈ ગયા હતા. વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ગાંધીનગર રેન્જમાં ૧૨૧ જેટલા વૃક્ષો પડી ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે વૃક્ષો જમીનદોસ્ત થતા વિવિધ ૧૭ જેટલા રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. આ માટે તંત્ર દ્વારા ૨૧ ટીમો કામે લગાડી માર્ગ પરથી આડશ દૂર કરવામાં આવી હતી. શહેરમાં પણ તોફાની વરસાદના લીધે ૮૫ જેટલા વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. જ્યારે કોબાથી ચ-૦ વિસ્તારમાં પણ અનેક વૃક્ષો ધરાશાયી થતા રાત્રીના સમયે રસ્તો બ્લોક થઈ ગયો હતો. તંત્ર દ્વારા વીઆઈપીની અવરજવરને ધ્યાને લઈ મોડીરાત્રે જ સફાઈ કામગીરી તેમજ આડશ દૂર કરવા બુલડોઝર દોડાવાયા હતા.

# બોર્ડ પરીક્ષાઓનુ પરિણામ મે મહીનામાં જાહેર કરી દેવાશે

## પરિણામલક્ષી કામગીરીમાં ગતિ : રાજ્યની ૨૯.૭૭ ટકા શાળાઓના સી.સી. કેમેરાના ફુટેજની પણ ચકાસણી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો. ૧૦ અને ૧૨ના બોર્ડ પરિણામને અનુલક્ષી ઉત્તરવહીઓની ચકાસણીનું કામ ગતિમાં ચાલી રહ્યું છે. આગામી મે મહીના દરમિયાન બોર્ડ પરીક્ષાના પરિણામો જાહેર કરી દેવાશે. આ ઉપરાંત રાજ્યની ૨૯.૭૭ ટકા શાળાઓમાંથી એકત્રિત સી.સી. કેમેરાની સી.ડી.ની ચકાસણીનુ કામ પણ બોર્ડ કક્ષાએ હાથ ધરાયું છે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના અંતે હાલ શિક્ષણ બોર્ડ કક્ષાએ ઉત્તરવહીઓ ચકાસવાનુ કામ તીવ્રગતિએ ચાલી રહ્યું છે. આ વખતે પરિણામ તૈયાર કરવાની કામગીરી પણ તેજ હોવાથી બોર્ડનુ રીઝલ્ટ પણ ઝડપથી જાહેર કરી દેવાય તેવી સંભાવના છે. આગામી મે મહીના દરમિયાન ધો. ૧૦ અને ૧૨ની તમામ ફેકલ્ટીઝનુ પરિણામ જાહેર કરી દેવાશે. તેમ પણ સૂત્રો દ્વારા જણાવાયુ છે. વધુમાં બોર્ડની પરીક્ષા દરમિયાન સી.સી. ટી.વી. કેમેરાના આધારે તૈયાર કરાયેલી

● અનુસંધાન પાન-૭ પર

# સેન્ટ્રલ વર્જનું પ્લાન્ટેશન ધોવાયું

## ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ વચ્ચેના સેન્ટ્રલ વર્જમાં તંત્ર દ્વારા લગાવેલ પ્લાન્ટેશન સાવ ઉજ્જડ બની ગયુ : અસંખ્ય વૃક્ષો પણ ધરાશાઈ : ત્રણ કાર માર્ગથી નીચે ઉતરી ગઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ગત મોડી સાંજે અચાનક વાતાવરણમાં આવેલ પલ્ટાને કારણે જબરજસ્ત આંધી સાથે વાવાઝોડુ ત્રાટક્યુ હતુ. પરિણામે સમગ્ર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં જનજીવન પર ભારે અસર પડી હતી. આંધી અને વાવાઝોડાને પગલે ગાંધીનગરના શહેર સહિત ચ-૦ સર્કલથી લઈ કોબા-ઈન્દીરા બ્રિજ માર્ગ પર અસંખ્ય વૃક્ષો ધરાશાઈ થઈ ગયા હતા. બીજી તરફ મુખ્યમંત્રીના અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના રૂટ સેન્ટ્રલ વર્જમાં લગાવેલા સંપૂર્ણ પ્લાન્ટેશનનું આંધી અને વાવાઝોડા બાદના વરસાદને લીધે ધોવાણ થઈ ગયું હતું. ઠેર-ઠેર માર્ગની વચ્ચે ઝાડના થડીયા પડતા માર્ગમાં મોડી રાત સુધી ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સેન્ટ્રલ વર્જની વચ્ચે તાજેતરમાં કરોડો રૂપિયાના ખર્ચે તંત્ર દ્વારા ૨૦ કિમી લાંબા માર્ગમાં નવુ પ્લાન્ટેશન કરવામાં આવ્યુ હતું. ઉપરાંત માર્ગમાં વાહનચાલકોને પડતી તેમજ મુખ્યમંત્રીની સુરક્ષાને લઈ સમગ્ર માર્ગમાં હેલોઝન લગાવવામાં આવી હતી. જે વરસાદને કારણે બંધ થઈ જતા અંધારપટ થઈ ગયું હતું. અંદાજે આ કોબા-ગાંધીનગરમાં ૨૦૦ થી વધારે વૃક્ષો તુટી પડ્યા હોવાના અહેવાલ જાણવા મળ્યા છે. આ સમગ્ર રૂટ પર ગત મોડી રાતથી જ તંત્રના અધિકારીઓ દ્વારા સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરી સવાર સુધીમાં તો માર્ગને સાફ કરવામાં આવ્યો હતો. જેમાં અસંખ્ય સફાઈ કર્મીઓ પણ જોડાયા હતા. ગજબની વાત તો એ છે કે આખા ગાંધીનગરમાં ઠેર-ઠેર કચરાના ઢગ કડકાયા છે. તેમ છતાં તંત્રને માત્ર ગાંધીનગર-કોબા માર્ગ જ સાફ કરવામાં જ રસ છે.



તબાહીની તસવીરી ઝલક - રવિવારની સાંજ તોફાની બની હતી... વાવાઝોડુ, વરસાદે જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું. વૃક્ષો જડમૂળમાંથી ઉખડ્યા, હોર્ડીંગ્સ નમી પડ્યા - ફંગોળાઈ ગયા... લગ્નનો મંડપ વેરણછેરણ થઈ ગયો... ગાડી ઉપર ઝાડ પડતા અફડાતફડી સર્જાઈ... નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા તો હસ્તકલા મેળામાં માટી અને કાચની વસ્તુઓને ભારે નુકસાન થયું... એક-દોઢ કલાકમાં નગરના જનજીવનમાં ભારે નુકસાનની તસવીરો મુકતું ગયેલું વાવાઝોડુ હંમેશા યાદ રહેશે... (તસવીર : દિપક જાની)

# સે-૨૧ના નવા પાર્કીંગમાં લાઈટના અભાવે અંધારપટ્ટ

## નવું પાર્કીંગ તૈયાર થઈ ગયું પણ લાઈટની વ્યવસ્થા નથી

ગાંધીનગર, તા.૨૧

સે-૨૧ના મુખ્ય શોપિંગ વિસ્તારને અનુલક્ષી તંત્ર દ્વારા લાખોના ખર્ચે નવું પાર્કીંગ પ્લેસ ઉભું કરાયું છે. પરંતુ પાર્કીંગમાં લાઈટની સુવિધા ન હોવાથી રાત્રિના સમયે પાર્કીંગમાં અંધારું છવાઈ જાય છે. જયારે મોડી સાંજ પછી નાગરિકો પાર્કીંગમાં વાહન પાર્ક કરવાનું ટાળે છે.

સે-૨૧માં મુખ્ય શોપિંગ સેન્ટર સ્થિત હોવાથી આ વિસ્તારમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી પાર્કીંગ પ્રશ્ન જટીલ બન્યો છે. મુખ્ય શોપિંગ સેન્ટર અને શાકમાર્કેટના લીધે આખો દિવસ મુલાકાતીઓની ભીડભાડથી ઘેરાયેલા સે-૨૧માં યોગ્ય પાર્કીંગ વ્યવસ્થાના અભાવે વાહનોનો આડેધડ ખડકલો થાય છે.

જેના પરિણામે આ વિસ્તારના આંતરિક માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આ સ્થિતિ વચ્ચે મહિલાઓ અને સિનિયર સિટિઝન માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો છે. પાર્કીંગ સેન્સના અભાવ વચ્ચે ટ્રાફિક નિયમના નામે પણ મીંડુ જોવા મળે છે. શોપિંગ વિસ્તારને પાર્કીંગની સમસ્યામાંથી ઉગારવા તંત્ર દ્વારા અંદાજિત ૧૫ લાખના ખર્ચે નવું પાર્કીંગ પ્લેસ તૈયાર કરી દેવાયું છે. જયારે નવા પાર્કીંગ પ્લેસનો ઉપયોગ પણ શરુ કરી દેવાયો છે. પાર્કીંગ પ્લેસના ઉપયોગથી શોપીંગમાં આ સમસ્યા હળવી થશે તેવી આશા વેપારીઓમાં પણ બંધાઈ છે પરંતુ નવા પાર્કીંગ પ્લેસ પર હજુ સુધી લાઈટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી નથી. જેના પરિણામે સાંજના સમય પછી પાર્કીંગ બિન ઉપયોગી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

# જિલ્લાના ૬૦ સહકારી આગેવાનો ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના ૬૦થી વધુ સહકારી આગેવાનોએ આજે ચિલોડા નજીકના એક ખાનગી રિસોર્ટમાં ભાજપનો કેસરીયો અપનાવી પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્ર મોદીને જોવા તમામ સહયોગ આપવા સાથે ભારે જંગી સરસાઈથી ભાજપને વિજયી બનાવવાની જાહેરાત કરી છે.

પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિક પટેલ, જિલ્લા પ્રભારી શ્રી કે.સી. પટેલ અને જિલ્લા ભાજપના પ્રમુખશ્રી નૈલેષ શાહની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ચિલોડા નજીકના એક ખાનગી રિસોર્ટમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સહકારી આગેવાનોએ ગુજરાત વિકાસ મોડેલના પણ ભરપુર વખાણ કરી અને સહકારી ક્ષેત્રને વધુ સક્ષમ બનાવવા માટે લેવાયેલા પગલાંઓને આવકાર્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# નિર્ણય લેવામાં અને તેના અમલીકરણમાં સક્ષમ હોય તે જ વડાપ્રધાન બનવા યોગ્ય

## દેશની સુરક્ષા સાથે મહિલાઓની સુરક્ષા એટલી જ અગત્યની : કોઈ કોમ પર હવે કોઈ પાર્ટીનો ઈજારો રહ્યો નથી

ગાંધીનગર, તા. ૨૧

લોકસભાની ચૂંટણીઓ જેમ જેમ તેના આખરી તબક્કા તરફ આગળ વધતી જાય છે તેમ તેમ આ યુવાન મતદારો કોઈની પણ શેહમાં આવ્યા વગર જ પોતાના અભિપ્રાય બાબતે ખૂબ જ સ્પષ્ટ અને મક્કમ જણાઈ આવે છે. અત્યાર



રાજકીય પક્ષોના પોત ઉઘાડા પડતા જાય છે. દેશના મતદારોને વિવિધ જ્ઞાતિ, ભાષા અને ધર્મના આધારે મતોનું વિભાજન કરી સત્તા હાંસલ કરવાના ખ્વાબમાં રચ્યા પચ્યા રહેતા નેતાઓ આ વખતની ચૂંટણીઓમાં આ બધી વાડાબંધીઓથી દૂર રહી નિષ્પક્ષ અને તાજી વિચારસરણી ધરાવતા યુવા મતદારોને સમજાવવામાં ઉણા ઉતરી રહ્યા છે. સુધી કોંગ્રેસ જેને પોતાની તાકાત સમજતી હતી તે લઘુમતી કોમના શિક્ષિત યુવાનો ખરેખર શું માને છે તે જાણવા જેવું ખરૂ.

શહેરના સેક્ટર-૩-એ-ન્યુમાં રહેતા અને સે. ૧૧ ખાતે એક ખાનગી વિમા કંપનીમાં સેલ્સ મેનેજરનો હોદ્દો ધરાવતા સાકીરહુસેન દિવાન સ્પષ્ટ પણે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે જોવા ઈચ્છી રહ્યા છે. તેમના મતે તેઓ વિકાસના મુદ્દે નરેન્દ્ર મોદીને મત આપવાનું પસંદ કરશે. તેમના જ શબ્દોમાં કહીએ તો 'નરેન્દ્રભાઈ મોદીએ જે વિકાસ કર્યો છે તે અને તેમનામાં જે દ્રઢ ઈચ્છાશક્તિ અને નિર્ણયો લેવાની ક્ષમતા છે તેના આધારે

### ઈલેક્શન લાઈવ

હું નરેન્દ્રભાઈને જ વડાપ્રધાનપદના સૌથી યોગ્ય ઉમેદવાર માનુ છુ. આ માટે હું આયાતી ઉમેદવારને પણ મત આપતા અચકાઈશ નહી.' સાકીરહુસેનના મતે જો કે ગાંધીનગરમાં વધી રહેલા ચેઈન સ્નેચીંગ અને મહિલાઓની છેડતીના બનાવો અટકાવવા અને મહિલાઓની સુરક્ષા માટે પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવાની ખાસ જરૂર છે. આ ઉપરાંત ગાંધીનગરના પહોળા રાજમાર્ગોના કારણે કેટલાક બાઈકર્સ બેફામ બનીને જોખમી ડ્રાઈવીંગ દ્વારા વૃદ્ધ વડિલો માટે મુશ્કેલી સર્જે છે તેને પણ કાબુમાં લેવુ ખુબ જરૂરી છે. તેમના મતે દેશમાં વિકાસ થશે તો બધુ જ થશે. રોજગારી પણ સર્જાશે, ગરીબી પણ હટશે અને ડોલર સામે રૂપિયો મજબૂત થશે જેથી આર્થિક રીતે રાષ્ટ્ર વધુ સક્ષમ બનશે. તેઓ નરેન્દ્ર મોદીને સ્પષ્ટ બહુમતી મળવા બાબતે સંપૂર્ણ આશ્વત છે.

વધુ એક યુવા મતદાર હિદાયત પઠાણ સાથે વાતચીત કરતા તેમણે પણ નરેન્દ્ર મોદીને એક મજબૂત અને યોજનાઓના અમલીકરણમાં સશક્ત નેતા ગણાવતા દેશનું નેતૃત્વ કરવા માટે સક્ષમ ગણાવ્યા હતા. હિદાયતના મતે આગામી વડાપ્રધાન

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જીલ્લા ક્રિકેટ એસોસીએશન
Affiliated to Gujarat Cricket Association Reg. No. Guj/10/GNR

ગાંધીનગર જીલ્લા ક્રિકેટ એસોસિએશન તરફથી રમતાં અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનના જુદાં-જુદાં વયજૂથમાં સ્થાન પામનાર ખેલાડીઓને હાર્દિક અભિનંદન.

રણજી ટ્રોફી માટે : ઈશ્વર ચૌધરી, સલીલ યાદવ
અન્ડર - ૨૫ : પાર્થ પરીખ, કમલેશ ઠાકોર, જય પટેલ
વન-ડે અને ૨૦-૨૦ : રોહિત દહિયા, કમલેશ ઠાકોર, કુણાલ પટેલ
અન્ડર - ૧૯ : પાર્થ ચૌધરી, રણજીત દરજી
અન્ડર - ૧૬ : હર્ષલ કુંતાર (કેપ્ટન), ક્ષિતીજ પટેલ, જયવીરસિંહ પરમાર
અન્ડર - ૧૪ : તનુષ ગુંસાઈ, શ્રેય પટેલ
વિમેન્સ વીંગ : દર્શન રાજપૂત, ફાલ્ગુની ચૌહાણ, ફાલ્ગુની મકવાણા, કાળીબેન

પ્રમુખ: મેહુલ પટેલ
ઉપપ્રમુખ: ઉષાકાન્ત વસાવડા, નરેન્દ્ર શુકલ, નિશીથ વ્યાસ
માનદ મંત્રી: સમન્વય પરીખ
સહમંત્રી: કેતન ભાવસાર, વિલાસ લાડ
ખજાનચી: રાજેશ યાદવ

કારોબારી સભ્યો : કેતન પટેલ, કેતન ભટ્ટ, રાજેન જોષી, હિતેશ શાહ, પ્રણવ જોષીપુરા, મયુર પટેલ, પ્રમોદ પરમાર
તેમજ સહ ખેલાડીઓ, ફાઉન્ડર મેમ્બર્સ, આજીવન સભ્યો, સંલગ્ન સંસ્થાઓ તેમજ ગાંધીનગરની જનતા.




SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com